# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 27-04-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી

સમાચાર અંકિત પ્રજાપતિ વાંચે છે.

---

- ✓ લોકસભાના ચૂંટણીના બીજા તબક્કા માટે સરેરાશ 61 ટકા મતદાન નોંધાયું. 88 બેઠકો થયું હતું મતદાન..
- ✓ ભાજપના અમિત શાહ અને કૉંગ્રેસના પ્રિયંકા ગાંધી આજે ગુજરાત પ્રવાસે...અમિત શાહે કૉંગ્રેસની ધ્રુવીકરણની નીતિની ટીકા કરી..તો પ્રિયંકા ગાંધીએ પણ કર્યા ભાજપ સામે પ્રહારો..
- ✓ હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં દેશના પૂર્વીય અને દક્ષિણ ભાગોમાં ગરમી વધવાની સંભાવના વ્યક્ત કરી.
- ✓ તીરંદાજી વિશ્વકપમાં ભારતના જ્યોતિ સુરેખા વેન્નમ, અદિતિ સ્વામી અને પનરીત કૌરે ઇટાલીને હરાવીને મહિલા ફાઇનલમાં સુવર્ણ ચંદ્રક જીત્યો....
- ✓ અને આઇપીએલમાં આજે સુપર જાયન્ટસ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે થશે મુકાબલો..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## *SECOND PHASE VOTING DONE*

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ગઈકાલે 60.96 ટકા મતદાન નોંધાયું છે. આ તબક્કામાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં ફેલાયેલા 88 સંસદીય મતવિસ્તારોમાં મતદાન થયું હતું. જેમાં કેરળમાં 20, કર્ણાટકમાં 14, રાજસ્થાનમાં 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં આઠ-આઠ, મધ્યપ્રદેશમાં છ, આસામ અને બિહારમાં પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ત્રણ-ત્રણ અને ત્રિપુરા,મણિપુર અને જમ્મુ અને કાશ્મીરમાં એક-એક બેઠકનો સમાવેશ થાય છે. ,.

ઉલ્લેખનીય છે કે મધ્યપ્રદેશના બેતુલ સંસદીય મતવિસ્તાર માટેનું મતદાન BSP ઉમેદવારના નિધનને કારણે આ તબક્કામાં મોકૂફ રાખવામાં આવ્યું છે જે ત્રીજા તબક્કામાં યોજાશે. આ તબક્કામાં આઉટર મણિપુર લોકસભા મતવિસ્તારના ચાર ઉમેદવારો સાથે કુલ એક હજાર 202 ઉમેદવારો મેદાનમાં હતા.

છત્તીસગઢમાં ત્રણ મતવિસ્તાર - કાંકેર, મહાસમુંદ અને રાજનાંદગાંવમાં શાંતિપૂર્ણ મતદાન થયું હતું. અહીં લગભગ 73 ટકા મતદાન નોંધાયું હતું. ઉત્તર પ્રદેશમાં, સામાન્ય ચૂંટણીના બીજા તબક્કાની 8 બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ રીતે થયું. જ્યાં 52 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. તો કર્ણાટકમાં, 14 મતવિસ્તારોમાં ચૂંટણી કોઈપણ અનિચ્છનીય ઘટના વિના પૂર્ણ થઈ અને 64.55 ટકા મતદાન નોંધાયું હતું. આસામમાં, પાંચ સંસદીય મતવિસ્તારો માટે બીજા તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું અને અંતિમ અહેવાલ સુધી લગભગ 70.68 ટકા મતદાન થયું. કેરળમાં તમામ 20 ઉપર 70 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું.

## *GUJ: CAMPAIGNING*

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળ દરમિયાન ભારત વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશે. આજે ગુજરાતના પોરબંદરમાં એક જાહેર રેલીને સંબોધતા શ્રી શાહે કલમ 370 નાબૂદ કરવા, રામ મંદિરનું નિર્માણ, આતંકવાદ અને

નક્સલવાદના ખતરાનો સફળ સામનો કરવા અને શાંતિ લાવવા જેવા ઐતિહાસિક નિર્ણયો માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને શ્રેય આપ્યો હતો. શ્રી શાહે કોંગ્રેસ પક્ષની તેની ધ્રુવીકરણ નીતિઓ અને વોટ બેંકની રાજનીતિ માટે ટીકા કરી હતી. તેમણે દેશમાં હાલના યાત્રા સ્થળોને પુનઃ જીવિત કરવા બદલ નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી. તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભાજપ સતત ત્રીજી વખત ગુજરાતની તમામ 26 બેઠકો પર વિજયી બનશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તે ભાજપ સરકાર છે જેણે ગુજરાતના વરસાદી વિસ્તારોમાં પાણીની કટોકટીનો સામનો કર્યો અને રાજ્યમાં સમૃદ્ધિ લાવી.

બીજી તરફ, કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે વલસાડ જિલ્લાના ધરમપુરમાં એક રેલીને સંબોધિત કરી હતી, જ્યાં તેમણે છેલ્લા 10 વર્ષથી ગરીબ અને આદિવાસી લોકો પ્રત્યેના અન્યાય માટે ભાજપ સરકારની ટીકા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જો કોંગ્રેસ પક્ષ સત્તામાં આવશે, તો તે આદિવાસી લોકો માટે વિશેષ બજેટ ફાળવશે અને તેના ઢંઢેરામાં ખાતરી આપ્યા મુજબ ગરીબો, ખેડૂતો અને દલિત લોકોના કલ્યાણ માટે કામ કરશે. તેમણે દેશમાં 30 લાખ બેરોજગાર યુવાનોને રોજગાર આપવા અને ગ્રામીણ વિસ્તારોમાં મનરેગાની જેમ શહેરી વિસ્તારોમાં 100 દિવસની ગેરંટીવાળી રોજગારી સુનિશ્ચિત કરવાનું પણ વચન આપ્યું હતું. તેમણે મોંઘવારી અને બેરોજગારી જેવા જટિલ મુદ્દાઓ પર પણ શાસક પક્ષ પર પ્રહારો કર્યાં.

## *PM – GOA*

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ગોવાના વાસ્કોમાં ચૂંટણી પ્રચારના ભાગરૂપે જાહેર સભાને સંબોધશે. સામાન્ય ચૂંટણીના ત્રીજા તબક્કા માટે ગોવામાં લોકસભાની બે બેઠકો માટે 7મી મેના રોજ મતદાન થશે.

ઉત્તર ગોવાની બેઠકનું પ્રતિનિધિત્વ હાલમાં ભાજપના પાંચ વખતના સાંસદ અને કેન્દ્રીય પ્રવાસન, બંદરો, શિપિંગ અને જળમાર્ગ રાજ્ય મંત્રી શ્રીપદ નાઈક દ્વારા કરવામાં આવે છે અને દક્ષિણ ગોવાની બેઠકનું પ્રતિનિધિત્વ કોંગ્રેસના ફ્રાન્સિસ્કો સાર્દિન્હા કરે છે. આ વખતે ભાજપે ઉત્તર ગોવામાં પોતાના ઉમેદવારને રિપીટ કર્યા છે.

## *TELANGANA - NOMINATION*

તેલંગાણામાં 17 લોકસભા બેઠકોના રિટર્નિંગ અધિકારીઓએ મોડી રાત સુધી ઉમેદવારી પત્રોની ચકાસણી દરમિયાન આશરે 400 ઉમેદવારી પત્રો રદ કર્યા છે. મુખ્ય રાજકીય પક્ષોના ઉમેદવારો દ્વારા દાખલ કરાયેલા ઉમેદવારો સહિત 950 ઉમેદવારોના ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા હતા. જોકે, ઉમેદવારી પત્રોની ચકાસણી પૂર્ણ થયા બાદ સંખ્યામાં ફેરફાર થઈ શકે છે. રાજ્યની 17 લોકસભા બેઠકો પર એક હજાર ચારસોથી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ મહિનાની 29 તારીખ સુધી ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે.

## *EC - BALLOT BENGALURU*

ચૂંટણી પંચે બેંગલુરુના શાંતિનગરમાં એક મતદાન મથકમાં મતદાન અધિકારી દ્વારા બેલેટ યુનિટને કથિત રીતે સક્રિય ન કરવાના અહેવાલોને ફગાવી દીધા છે. કમિશને કહ્યું કે સોશિયલ મીડિયા અને વોટ્સએપ પર ફરતા સંબંધિત અહેવાલો ખોટા અને પાયાવિહોણા છે.

બેંગલુરુના જિલ્લા ચૂંટણી અધિકારીએ કહ્યું કે ફરિયાદ મળ્યા પછી, તેણે સેક્ટર મેજિસ્ટ્રેટને તરત જ મતદાન મથક પર પહોંચવા અને મુદ્દાની જાણ કરવા નિર્દેશ આપ્યો. તપાસ દરમિયાન, એવું જાણવા મળ્યું હતું કે રજીસ્ટર અને કંટ્રોલ યુનિટમાં

કુલ એન્ટ્રીઓ સંપૂર્ણ રીતે સામ્યતા ધરાવે છે. આ દર્શાવે છે કે શાંતિનગર મતદાન મથકમાંથી બેલેટ બટન સક્રિય ન હોવાનો આવો કોઈ કેસ નોંધાયો નથી.

## *RAIPUR-CONTITUENCY PORFILE*

લોકસભા ચૂંટણી પર વિશેષ શ્રેણીના ભાગરૂપે, આજે અમે છત્તીસગઢના રાયપુર લોકસભા મતવિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છીએ. આ મતવિસ્તારમાં ત્રીજા તબક્કામાં 7મી મેના રોજ મતદાન થશે.

"છત્તીસગઢમાં 11 લોકસભા બેઠકોનો સમાવેશ થાય છે. રાયપુર સંસદીય ક્ષેત્રમાં સૌથી વધુ ઉમેદવારો છે. આ મતવિસ્તારમાંથી કુલ 38 ઉમેદવારો મેદાનમાં છે, જેમાં પાંચ મહિલા ઉમેદવારો છે. અહીં પ્રાથમિક મુકાબલો ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર બ્રિજમોહન અગ્રવાલ અને કોંગ્રેસ વચ્ચે છે. રાષ્ટ્રીય સચિવ વિકાસ ઉપાધ્યાય, એક અનુભવી ભાજપના નેતા, છેલ્લી આઠ વિધાનસભા ચૂંટણીઓમાં સતત રાયપુર દક્ષિણ વિધાનસભા બેઠક જીત્યા છે અને હાલમાં ભારતીય જનતા પાર્ટીએ જીતનો દોર જાળવી રાખ્યો છે રાયપુર બેઠક પર છેલ્લી સાત લોકસભા ચૂંટણીમાં 23 લાખ 75 હજારથી વધુ મતદારો છે, જેમાંથી લગભગ 11 લાખ 88 હજાર મહિલા અને 11 લાખ 86 હજાર પુરુષ મતદારો છે.

## *WEATHER*

હવામાન વિભાગે  આગામી દિવસો માટે ઓડિશા અને પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના વિસ્તારોમાં હીટવેવની સ્થિતિને લઈને  રેડ એલર્ટ જાહેર કર્યું છે.

દરમ્યાન ગઇકાલે ઓડિશા ના અંગુલ, બૌધ અને નુઆપાડા ખાતે 44 ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાયું હતું . પશ્ચિમ ઓડિશાના મોટાભાગના શહેરોમાં 43 ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ તાપમાન નોંધાયું હતું. તો બીજી તરફ બિહાર,

ઝારખંડ, તેલંગાણા, રાયલસીમા, આંતરિક કર્ણાટક, તમિલનાડુ અને કેરળ સહિતના રાજ્યોમાં આગામી 30મી તારીખ સુધી હીટ વેવની સ્થિતિ ચાલુ રહેશે . હવામાન વિભાગે મધ્ય ભારતમાં આવતીકાલ સુધી વાવાઝોડાં, વીજળીના ચમકારા સાથે વરસાદ થવાની આગાહી કરી છે.

ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં રવિવાર સુધી અને પશ્ચિમ હિમાલયના પ્રદેશમાં આ મહિનાની 29 તારીખ સુધી વરસાદ થવાની શક્યતા છે. દરમિયાન, આજે હળવા વરસાદ સાથે દિલ્હીમાં સામાન્ય રીતે વાદળછાયું આકાશ જોવા મળશે. આગામી બે દિવસ સુધી રાષ્ટ્રીય રાજધાનીમાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે.

## *ARCHERY WORLD CUP*

તીરંદાજીમાં, ભારતની જ્યોતિ સુરેખા વેન્નમ, અદિતિ ગોપીચંદ સ્વામી અને પરનીત કૌરે આજે શાંઘાઈમાં તીરંદાજી વિશ્વ કપમાં ઇટાલીને 236-225 થી હરાવીને મહિલા ફાઇનલમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

જ્યોતિ સુરેખા વેન્નમ અને અભિષેક વર્માની જોડીએ કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ફાઇનલમાં એસ્ટોનિયાને 158-157થી હરાવીને ભારતના ખાતામાં ત્રીજો સુવર્ણ ચંદ્રક ઉમેર્યો છે.

અભિષેક વર્મા, પ્રિયાંશ અને પ્રથમેશ ફુગેની પુરૂષ ટીમે નેધરલેન્ડને 238-231થી હરાવીને તેમની ફાઇનલમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. હવે પછી, પુરુષોની શ્રેણીમાં પ્રિયાંશ અને મહિલા શ્રેણીમાં વેન્નમ, વ્યક્તિગત સેમિફાઇનલમાં ભાગ લેશે.

## *IPL _ MATCH*

અને IPL ક્રિકેટમાં આજે દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે દિલ્હીમાં મુકાબલો થશે. બપોરે સાડા ત્રણ વાગે આ મેચ શરૂ થઈ રહી છે. જ્યારે કે લખનઉમાં

રમાઈ રહેલી અન્ય એક મેચમાં લખનઉ સુપર જાયન્ટસ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે સાંજે મુકાબલો થશે.

## *MANIPUR - ATTACK*

મણિપુરના નરસેના વિસ્તારમાં શુક્રવારે મધ્યરાત્રિએ શરૂ થયેલા કુકી આતંકવાદીઓના હુમલામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના બે જવાનો શહીદ થયા હતા. કુકી આતંકવાદીઓએ મધ્યરાત્રીએ સવા બે વાગ્યાની આસપાસ CRPF જવાનો પર હુમલો કર્યો હતો. જીવ ગુમાવનારા સૈનિકો રાજ્યના બિષ્ણુપુર જિલ્લાના નરસેના વિસ્તારમાં તૈનાત CRPF 128 બટાલિયનના હતા.

આ પૂર્વે 19 એપ્રિલે રાજ્યના વિવિધ ભાગોમાં મતદાન સમયે હિંસા અને ઝડપની ખબરો આવી હતી. જે બાદ અનેક કેન્દ્રો પર ફરીથી મતદાન કરાયું હતું. આ મામલે અત્યાર સુધીમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અંદાજે 130થી વધુ લોકોની અટકાયત કરાઈ છે.